

## ચોમાસુ લંબાતા અરવલ્લીમાં જગતનો તાત મુરઝાયો

અરવલ્લી-સાબરકાંઠા પંથકમાં ઉનાળુ ઋતુની પૂર્ણતા છતાં ચોમાસાની ઋતુના કોઈ એંધાણ નહિ વર્તાતા આગોતરું વાવેતર કરનાર ભૂમિપુત્રો ચિંતિત બન્યા છે. જીલ્લામાં પાણીના તળ ઉંડા થતા અને જળસ્ત્રોતના અભાવે જળજીવન માટે ખતરો પેદા થયો છે. બંને જીલ્લાના વાતાવરણમાં વાદળોની ઘેરાબંધી છતાં વરસાદ ન થતા અસહ્ય ઉકળાટ અને બફારાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. વરસાદી પાણીના અભાવે ખેડૂતોની મહેનત પાણીમાં જવાની ભીતિ પેદા થઈ છે. ચોમાસાની ઋતુ માથા ઉપર હોવા છતાં હજી વરસાદના એંધાણ નહિ વર્તાતા ખેડૂતોના માથે ચિંતાની લકીરો તણાઈ છે. આકાશમાંથી અગન વરસાવતી અને અસહ્ય ઉકળાટ વચ્ચે સતત લંબાતું જતું ચોમાસુ ત્રાસદાયક બની રહ્યું છે. નદી ઉપરના બંધો, ગ્રામ્ય તળાવો જેવા જળ સ્ત્રોતોમાં પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ નથી. જીલ્લામાં વરસાદ ખેંચાતા પ્રિ મોન્સૂન વાવેતર પર પણ બ્રેક વાગી ગયો છે. સારા વરસાદની આસાયે અને ઉનાળુ પિયેત જમીન ધરાવતા ભૂમિપુત્રોએ ખેતરોમાં મગફળી અને કપાસનું મોંઘુદાટ બિયારણ ખરીદી અને ખર્ચ કરી વાવેતર કરનાર ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. વાવણીલાયક વરસાદ સપ્તાહમાં નહિ થાય તો આગોતરું વાવેતર કરનાર ખેડૂતોની હાલત દયનિય બનશે. જગતનો તાત અને પ્રજાજનો ધોધમાર વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. મેઘરાજાનો વિલંબ લોકો માટે ચિંતાજનક બન્યો છે.

# નીટની પરીક્ષામાં ત્રીજા ક્રમે આવનાર શ્લોક આજે ટાઉનહોલમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશે

**કેમેસ્ટ્રીમાં દેશમાં પ્રથમ આવનાર કાઇઝન એકેડમીના શ્લોક પટેલના માતા પિતા પણ ડોકટર : પિતાને આદર્શ માનતા શ્લોકે ઓર્થોપેડીક સર્જન બનવુ છે. વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે પ્રશ્નોત્તરીના આધારે તજજ્ઞો પણ માર્ગદર્શન આપશે**

ગાંધીનગર તા ૨૨

નીટની પરીક્ષામાં સમગ્ર દેશમાં કેમેસ્ટ્રીમાં પ્રથમ અને ગુજરાતમાં ત્રીજો ક્રમ મેળવનાર શ્લોક પટેલ વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે આજે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરશે. જયારે ટાઉનહોલ ખાતે બપોરે ૩ : ૩૦ કલાકે યોજાનારા આ કાર્યક્રમ દરમિયાન નીટની તૈયારી માટે યોગ્ય માર્ગદર્શન આપવા માટે નગરની કાઇઝન ઇન્સ્ટિટ્યુટના તજજ્ઞો પણ વિદ્યાર્થી અને વાલીઓને માહિતગાર કરશે.

મેડિકલમાં પ્રવેશ માટેની નીટની પરીક્ષામાં કાઇઝન ઇન્સ્ટિટયુટના શ્લોક વિરલભાઇ પટેલે સમગ્ર દેશમાં ૨૪ મો ક્રમ હાંસલ કર્યો છે. જયારે રસાયણવિજ્ઞાન વિષયમાં દેશમાં સૌથી વધુ ગુણ મેળવી અવ્વલ નંબર મેળવ્યો છે. નીટમાં પ્રથમ નંબરે આવનાર કલ્પનાકુમારી કરતા શ્લોકે કેમેસ્ટ્રીમાં પાંચ ગુણ વધુ પ્રાપ્ત કર્યા છે. શ્લોક આ ઉજ્જવળ પરિણામનો યશ તેના કેમેસ્ટ્રીના વિષય શિક્ષક ભદ્રેશ પટેલને આપે છે. રજાના દિવસોમાં પણ તેમણે શ્લોકને શિક્ષણ પુરુ પાડયુ છે. શ્લોકના પિતા વિરલ પટેલ ઓર્થોપેડિક સર્જન છે.જયારે માતા રીનાબેન પટેલ પણ અમદાવાદમાં ગાયનેક ડોકટર છે. શ્લોકે નીટની પરીક્ષામાં ૭૨૦ માં થી ૬૭૩ ગુણ મેળવ્યા છે. શ્લોકે નીટની પરીક્ષામાં રાજયમાં ત્રીજા ક્રમે અને દેશમાં ૨૪ મુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ફુટબોલ અને સંગીતનો શોખ ધરાવતા આ તેજસ્વીએ પિતાની જેમ ઓર્થોપેડિક ડોકટર બનવુ છે.

અમદાવાદ વિશ્વ નિકેતન વિદ્યાલયના વિદ્યાર્થીએ છેલ્લા બે વર્ષથી મોબાઇલનો પણ સદંતર ઉપયોગ ટાળ્યો હતો. સતત નિયમિત અભ્યાસ અને રીફ્રેશ થતા રહેવાથી ઉજ્જવળ પરિણામ મેળવી શકાય તેમ તેનુ માનવુ છે. નીટના પરિણામના અંતે કલેઇમ કરનાર ઉમેદવારની રજુઆત ધ્યાને લેવાતી નથી તનુ તેને દુખ છે.નીટની પરીક્ષામાં ઉજ્જવળ પરિણામ મેળવવા વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે શનિવારે બપોરે ૩ : ૩૦ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે એક કાર્યક્રમનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ દરમિયાન અન્ય વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને માર્ગદર્શન પુરુ પાડવા માટે શ્લોક તેમજ તેના માતાપિતા અને કાઇઝન એકેડમીના તજજ્ઞો પણ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી માર્ગદર્શન પુરુ પાડશે.

## રોટરેકટ કલબ ઓફ ગાંધીનગર દ્વારા તબીબી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

રોટરેકટ કલબ ઓફ ગાંધીનગર દ્વારા પેટને લગતા રોગ અંગે નિશુલ્ક તબીબી સારવારનું આયોજન તા.૨૪ જુનને રવિવારના રોજ સવારે ૮ થી ૧ કલાક દરમિયાન સેકટર-૨૨ રોટરી કલબ ફિજીયોથેરાપી સેન્ટર પંચદેવ મંદિર પાસે કરવામાં આવ્યું છે. પેટને લગતા રોગના જાણીતા નિષ્ણાંત ડોકટર કૌષલ આનંદ ઉપસ્થિત રહેશે. જે દર્દીઓને તબીબી તપાસ કરાવવી હોય તેમનું રજીસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણેપ્રથમ ૧૦૦નામ સુધી નોંધવામાંઆવશે. અનેતેનામ નોંધાયેલ દર્દીઓનેજ ફ્રી તપાસનો લાભ મળશે. સવારે ૮ કલાક થી સ્થળ પર જ રજીસ્ટ્રેશન કરવામાંઆવશે.

## ત્રિદલ સંસ્થાની માસિક બેઠક યોજાશે

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા ત્રિદલની જુન માસની બેઠક તા.૨૪ જુનને રવિવારના રોજ પ્લોટ નં-૭૯૦-૧ નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે સે-૨૧ ગાંધીનગર ખાતે સાંજના ૫.૩૦ કલાકે યોજાશે. આ બેઠકમાં જાણીતા શિક્ષણવિદ ડો.સોમભાઈ પટેલ, કેમ્પસ ડાયરેકટર કડી શિક્ષણ સંકુલ શિક્ષણના સાંપ્રત પ્રશ્નો અને તેના ઉકેલની દિશા વિષય પર વાર્તાલાપ કરશે.આ પ્રસંગે સૌ સભ્યો, સર્જકો અને ભાવકોને હાજર રહેવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## કડવા પાટીદાર સમાજની વાર્ષિક સામાન્ય સભા મળશે

કડવા પાટીદાર સમાજ ગાંધીનગરની ૩૮મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧ જુલાઈને રવિવારના રોજ સવારે ૯ કલાકે ઉમા સમાજ ભવન હોલ ગાંધીનગર ખાતે મળશે. જેમાં સમાજના તમામ સભ્યો, કારોબારી સભ્યો, ટ્રસ્ટીઓ અને દાતાઓને હાજર રહેવા સંસ્થા દ્વારા અનુરોધ કરાયો છે.

## લિટલ મિલેનિયમ ગુજરાતમાં ૧૦૦ પ્રિ-સ્કૂલ સેન્ટર સ્થાપિત

અમદાવાદ,તા.૨૨

પ્લેગ્રુપ, નર્સરી, જુનીયર અને સિનિયર કે.જી જેવી પ્રિ-સ્કૂલ ચેઈન્સમાંથી દેશની અગ્રણી શિક્ષણ સંસ્થા લિટલ મિલેનીયમ એજયુકેશન પ્રા.લિ દ્વારા ગુજરાતમાં હવે તેના વિસ્તરણની અને મહત્વકાંક્ષી પ્રોજેકટની આજે અમદાવાદમાં જાહેરાત કરાઇ હતી.

લિટલ મિલેનીયમ એજયુકેશન પ્રા.લિ.ના ચીફ એકઝીકયુટીવ ઓફિસર રમણ બજાજ અને ડેપ્યુટી ડાયરેકટર મનજીત લેઘાએ જણાવ્યું હતું કે, લિટલ મિલેનીયમ આગામી વર્ષોમાં ગુજરાત સહિત દેશભરમાં તેની સંસ્થાઓના વિસ્તરણ અને વ્યાપની મહત્વાકાંક્ષી યોજનાઓ અમલમાં મૂકવા જઈ રહી છે.

જેમાં અમદાવાદના ૧૨ મળી ગુજરાતમાં કુલ જે ૪૫ પ્રિ-સ્કૂલ સેન્ટર છે, તે આગામી વર્ષમાં વધારી ૧૦૦ સેન્ટરો ઉભા કરવાનું આયોજન છે. આ સિવાય, હાલ ગુજરાત સહિત દેશમાં લિટલ મિલેનીયમના પ્રિ-સ્કૂલના જે ૬૦૦ સેન્ટરો છે, તે આગામી ૨૦૨૦ સુધીમાં ૧૦૦૦ સેન્ટરો સુધી પહોંચાડવાની યોજના છે.

# ગાંધીનગર રાજકોટ રૂટમાં હવે સપ્તાહમાં ત્રણ દિવસ મુસાફરોને વોલ્વોની સવારી મળશે

**અગાઉ મુસાફરો ન મળતા રોજની આ વોલ્વો સેવા બંધ કરી દેવામાં આવી હતી**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગરથી રાજકોટ રૂટમાં ખાસ વોલ્વો બસ સેવા છેલ્લા ૬ મહીનાથી બંધ કરી દેવાઈ છે.જયારે મુસાફરોની લાગણી અને માંગણીને ધ્યાને લઈ એસ ટી નિગમ દ્વારા સપ્તાહમાં ત્રણ દિવસ રાજકોટ રૂટમાં વોલ્વો બસ શરૂ કરી દેવામાં આવી છે. શુક્ર, શનિ અને રવિવાર સવારે અને સાંજે બે સમયે રાજકોટ જવા માટે વોલ્વો બસની સવારી મુસાફરોને નસીબ થશે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં રાજકોટ રૂટની વોલ્વો બસ છેલ્લા ૬ મહીનાથી બંધ કરી દેવામાં આવી હતી. અગાઉ રાજકોટ ગાંધીનગર વચ્ચે અવરજવર કરતા મુસાફરોની વિશેષ સંખ્યા ધ્યાને લઈ એસ ટી તંત્ર દ્વારા આ ખાસ વોલ્વો બસ શરૂ કરવામાં આવી હતી. દિવસ દરમિયાન ત્રણ ટાઈમ વોલ્વો બસ દોડાવાનુ આયોજન કરાયુ હતુ. પરંતુ સમય જતા આ બસને ટ્રાફિક ન મળતા એસ ટી નિગમ દ્વારા આ બસ સેવા બંધ કરી દેવામાં આવી હતી. પરંતુ મુસાફરોની સંખ્યા ન મળતા આખરે વોલ્વો રૂટની બસ સેવા બંધ કરી દેવામાં આવી હતી. જેના લીધે મુસાફરોમાં રોષની લાગણી વ્યાપી હતી. ગાંધીનગરમાં અનેકવિધ સરકારી કચેરીઓ હોવાના લીધે સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી મોટી સંખ્યામાં મુલાકાતીઓ સરકારી કચેરીમાં આવતા હોય છે. જેના લીધે આ રૂટમાં ગાંધીનગરથી સીધી જ બસ સેવા મળી રહે તે માટે વારંવાર એસ ટી તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવે છે. જયારે રાજકોટ રૂટના મુસાફરોને ધ્યાને લઈને પણ ખાસ વોલ્વો બસ શરૂ કરવામાં આવી હતી. પરંતુ આ બસ સેવા બંધ થતા મુસાફરોને હાલાકી વેઠવી પડતી હોવાનો પણ સુર ઉઠવા પામ્યો હતો. જયારે રોજ બરોજ નહીં પરંતુ સપ્તાહમાં બે ત્રણ દિવસ આ વોલ્વો બસ શરૂ કરવા માટે પણ માંગ ઉઠવા પામી હતી. આખરે એસ ટી ડેપો દ્વારા ગાંધીનગર રાજકોટ રૂટની બસ પુન : શરૂ કરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. અગાઉ દિવસમાં ત્રણ ટાઈમ દોડતી આ વોલ્વો બસ હવે સપ્તાહમાં ત્રણ દિવસ દોડાવવા માટે આયોજન કરાયુ છે. જેમાં શુક્ર ,શનિ અને રવિવારના રોજ આ રાજકોટ રૂટ માટે સવારે ૬ : ૩૦ કલાકે અને સાંજે ૫ :૩૦ કલાકે વોલ્વો રૂટ સેવાનો સમય રાખવામાં આવ્યો છે. જેના લીધે રાજકોટ તરફ જતા મુસાફરોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. લાંબા સમયથી બંધ થયેલી વોલ્વો બસ સેવા પુન : શરૂ થતા હવે રાજકોટ જતા મુસાફરોને વોલ્વોની સવારી મળશે.



**પ્રાંતિયા ખાતે સ્મૃતિ વિકાસ શાળાના દિવ્યાંગ બાળકોએ યોગાભ્યાસ કર્યો**

પ્રાંતિયા સ્થિત સ્મૃતિ વિકાસ શાળા (મંદબુદ્ધિના બાળકો) ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા બાળ સુરક્ષા એકમ સમાજ સુરક્ષાના અધિકારી ધર્મેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ યોગાભ્યાસ કરાવી યોગ વિશે સમજ આપી હતી.

## જગાણા ગામમાંથી રૂપિયા ૧.૫૦ લાખના બે પશુ ચોરાયા

પાલનપુર તાલુકાના જગાણા ગામે રાત્રિ દરમિયાન અજાણ્યા શખ્સો બે ભેંસોની ચોરી કરી ગયા હતા. આ અંગે પશુ માલિકે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

પાલનપુર તાલુકાના જગાણા ગામે બનેલી ચોરીની ઘટનાની વિગતો એવી છે કે, મૂળ પાલનપુર તાલુકાના કમાલપુરા ગામના નેમતુલ્લા ઈબ્રાહિમભાઈ ઢૂક્કા જગાણા ગામે રહે છે. દરમિયાન બે દિવસ અગાઉ રાત્રે કોઈ અજાણ્યા શખ્સો તેમની રૂપિયા ૧,૫૦,૦૦૦ની કિંમતની બે ભેંસો ચોરી કરી ગયા હતા. આ અંગેની જાણ થતાં નેમતુલ્લા ઢૂક્કાએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે અજાણ્યા શખ્સો સામે ગૂનો નોંધી પીએસઆઇ ડી. જે. મરંડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ધાનેરા જૈન દેરાસરને નગરપાલિકાએ નોટીસ આપી છતાં કામ ચાલુ છે : પાલિકાની નોટીસનાં ધજીયાં

**ધાનેરા નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૫૫ મુજબની કાર્યવાહી કેમ નહીં**

ધાનેરા જૈન શ્વેતામ્બર મુર્તિપુજક દેરાસરમાં ટ્રસ્ટીઓનાં વિખવાદમાં અને આંતરીક



ઝઘડામાં દેરાસરનું કામ ચાલુ છે. વળી જેમાં નવિન બાંધકામ માટે કોઈ પરવાનગી લેવામાં આવેલ નથી ત્યારે ટ્રસ્ટી દ્વારા નગરપાલિકાને જાણ કરવામાં આવેલ છે અને મુખ્યમંત્રી સુધી રજુઆત કરવામાં આવેલ છે. આ અરજીઓ બાદ ધાનેરા નગરપાલિકાએ દેરાસરનું કામ બંધ કરવાં માટે નોટીસ ફટકારવામાં આવેલ છે અને ધાનેરા નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૫૫ મુજબ કાર્યવાહી કરવાની નોટીસ પણ આપવામાં આવેલ છે છતાં અત્યારે નગરપાલિકાની નોટીસની અવગણનાં કરી કામ બિન્દાસ ધોરણે ચાલું છે. આ કામ નવીન બાંધકામ થઈ રહેલ હોઈ તો નગરપાલિકા પોતાના કાયદા પ્રમાણે કેમ પગલાં ભરતી નથી શું જૈન દેરાસરનાં ટ્રસ્ટીઓ એટલાં માથાભારે છે કે નગરપાલિકા પણ કશું કરી શકતી નથી તો નગરપાલિકાનાં કાયદાનું શું ? શું નગરપાલિકાનું કશું ચાલતું નથી કે શું? નગરપાલિકાનાં અધિકારીઓ આ બાબતે પણ ભષ્ટાચારથી બાકાત નથી એવા અનેક પ્રશ્નો લોકોમાં ચર્ચા રૂપ બની રયા છે. તાકિદે નગરપાલિકાએ આપેલ નોટીસની જોગવાઈ પ્રમાણે કામ લેશે કે પછી ભષ્ટાચારની ચર્ચાની વાતો સાચી સાબિત થાય તેની રાહ જોઈ રહી છે?

### હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

''વાહ, તમારૂ મૂલ્યાંકન આંખ ઉઘાડનારૂ છે. સૌએ સકારાત્મક ભાવ માટે ગંભીરતાથી વિચારવું પડશે. એક નવી દિશા આપી શકાય એમ છે.''

''હા... હું તો એ જ કહુ છુ, જે તુટ્યુ, ગયુ, મર્યુ એની ચિંતા છોડો. જે ચાલી રહ્યું છે, જે ચાલવાનું છે, જે થવાનુ છે અને જે કરી શકાય છે એની ચર્ચા કરો. વહી ગયેલી ક્ષણોને ભુલી જવી જોઈએ, આવનારી ક્ષણોનો આવકાર હાલની ક્ષણોના માધ્યમથી ઉલ્લાસપૂર્વક કરવો જોઈએ...''

''લાખ રૂપિયાની વાત કરી સાહેબ. નકારાત્મકતા છોડી દઈએ અને સકારાત્મકતા અપનાવી લઈએ. નીરાશા ફગાવી દઈએ અને આશા-અરમાનોને આકાર આપીએ... રોજ સવારે નવા સૂર્યોદયને વધાવીએ, નવા વિચારોને વધાવીએ, નવા કાર્યોને વધાવીએ અને નવા નવા સપનાઓને સજાવીએ...'' ''હા... સાહેબ... હા... આનો ભદ્રાઃ ક્રતવો યન્તુ...''

### વંચિત નહી રહે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમ પણ તેમણે વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ અપાવતા જણાંવ્યુ હતુ.

શહેરી વિસ્તારની શાળાઓને અનુલક્ષી આજે પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કડી કેમ્પસની ૧૦ સરકારી ૨ અને એક અંધ શાળા સહીત શહેરી વિસ્તારની ૧૩ શાળાઓના ૧૦૮૨ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાવ્યો હતો. સે-૨૩ સ્થિત કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંકુલની આર જી કન્યા તેમજ શેઠ સી એમ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને શાળા પ્રવેશોત્સવની શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાંવ્યુ હતુ કે શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની સાથે વાલીઓએ પણ વિશેષ ધ્યાન આપવાની અનિવાર્યતા છે. શાળાઓનુ મહત્વ વધે અને શિક્ષણનો વ્યાપ વધે તે માટે સરકાર પ્રયત્નશીલ છે. વિકાસનુ શિક્ષણમાં મહત્વ છે. શિક્ષણના અભાવે વિકાસ અટકી જશે. સરકારે શિક્ષણ માટે રૂ ૨૫ હજાર કરોડનુ બજેટ ફાળવે છે. ગુજરાતના છેવાડાના બાળકોને શિક્ષણ મળે તેવા પ્રયાસ પણ સરકારે હાથ ધર્યા છે. જયારે પ્રવેશોત્સવ થકી સો ટકા પ્રવેશ અને જીરો ટકા ડ્રોપ આઉટ રેશિયો થાય તેવા પ્રયાસ પણ કરવામાં આવી રહયા છે. સરકારી શાળાઓ પણ ખાનગી શાળાઓની હરિફાઈમાં ઉભી રહે તે માટે પણ ગંભીરતાથી શિક્ષણક્ષેત્રે સતત પ્રયાસ થઈ રહયા છે. જયારે સરકારી શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે પણ આયોજન કરવામાં આવી રહયુ છે. સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા લેબર ચાઈલ્ડ માટે ભણવાનુ મુશ્કેલ બન્યુ છે. આ માટે આવા વિદ્યાર્થીઓને અસરકારક શિક્ષણ આપી શકાય જેથી નવતર અભિયાન હાથ ધરવા માટે પણ સરકારનુ આયોજન છે. શ્રમિક પરિવારના બાળકોને પણ ગુણવત્તા સભર શિક્ષણ આપવુ છે જેથી સમાજમાં તેઓ પગભર થઈ શકે. શિક્ષણને સુધારવા સહુના સહિયારા પ્રયાસની જરૂર છે. આગામી વર્ષ ૨૦૨૨ સુધી રાજયમાં એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે પણ સરકાર કટીબધ્ધ છે. મુખ્યમંત્રીએ કડી સર્વ વિદ્યાલયના સ્થાપક સ્વ માણેકલાલ પટેલ અને દાતાઓના શિક્ષણ સંસ્કાર માટે સમાજ દાયિત્વની પ્રશંસા કરી હતી. શાળા પ્રવેશોત્સવ પ્રારંભે કડી કેમ્પસના વિદ્યાર્થીઓ યોગ નિદર્શન કર્યુ હતુ. બેટી બચાવો અને જળ બચાવોના અલગ અલગ વિષય પર વકત્વય પણ રજુ કર્યુ હતુ. વિદ્યાર્થીઓ દ્વારા જ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કરવામાં આવ્યુ હતુ. આ તબક્કે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ પટેલ , મેયર પ્રવિણ પટેલ , ધારાસભ્ય શંભુજી ઠાકોર, જિલ્લા કલેકટર એસ કે લાંગા, જિલ્લા વિકાસ અધિકારી જિલ્લા શિક્ષણાધિકારી એસ એમ બારડ સહીત અન્ય અધિકારીઓ તેમજ શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

### સમયસર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે તેમના પ્રવચનમાં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલા શાળા પ્રવેશોત્સવની વાત કરી જણાવ્યુ કે આની પાછળનો હેતુ શિક્ષણનો વ્યાપ વધે, શાળાનું મહત્વ વધે તેવા ઉમદા વિષયોને આવરી લીધા હતા. તેમણે એવી પણ ચિંતા વ્યક્ત કરી હતી કે વર્ષે ૨૫ હજાર કરોડનો ખર્ચ કર્યા પછી પણ હજુ સુધી આપણે ૧૦૦ ટકા નામાંકનના લક્ષ્યને પહોંચી શક્યા નથી. તેમણે બદલાયેલા વર્કકલ્ચરની વાત કરી સરકારે ગુણવત્તા સુધારણાની સાથે સાથે સરકારી શાળાઓને સુવિધાસભર બનાવવા માટે લીધેલા પગલાં પણ ગણાવ્યા હતા.

તેમણે રાઈટ ટુ એજ્યુકેશનનો ઉલ્લેખ કરી કહ્યુ હતુ કે ગરીબ બાળકને પણ શિક્ષણ મળે એ તેનો મૂળભૂત અધિકાર છે. પરંતુ સરકારી સ્કૂલો સિવાય આ બાળકોને પ્રવેશ માટે ઝઝૂમવુ પડે છે. સરકારની ઈચ્છા સસ્તુ સારૂ અને ગુણવત્તાસભર જીવનપયોગી શિક્ષણ બાળક શાળામાંથી મેળવે તે છે. બુદ્ધિ એ કોઈનો ઠેકો નથી પણ સામાજિક સમરસતા સ્થાપવામાં સૌ કોઈનો સહયોગ મળે તેવુ સરકાર ઈચ્છે છે.

આજનુ બાળક આવતીકાલનું નાગરિક છે અને તે પડકારો સામે ખડતલતા સાથે ઉભો રહી પડકારોનો સામનો કરે તે પણ જરૂરી છે. શિસ્ત, સંયમ, શિક્ષણ સાથે મેળવે એટલુ જ નહિ પરંતુ સામાજિક જવાબદારી પણ સાહજિકતાથી નિભાવે તે લક્ષ્ય છે.

આમ આજે મુખ્યમંત્રી રૂપાણીએ ૩૦ મિનિટના પ્રવચનમાં ઘણા બધાં પાસાંઓને સ્પર્શી જે રીતે છોડી દીધા તેનાથી શિક્ષણની વર્તમાન સ્થિતિથી નારાજ હોવાનું જણાયુ હતુ તો તેઓ નારાજગીને જાહેર કરવા પણ ઈચ્છા ધરાવતા ન હોય તેવુ લાગ્યુ એ વાત નક્કી છે.

તેમણે કહ્યુ કે આજે એક સાથે ૧૦૮૨ બાળકોને આ ઉજવણીમાં ૧૩ શાળાઓમાં પ્રવેશ મળે છે. જેમાં દિવ્યાંગ શાળા સહિતનો સમાવેશ થતો હોવાની વાત કહી હતી. કડી સર્વ વિદ્યાલયનું સંકુલ છોડતાં છોડતાં મુખ્યમંત્રીને ઘેરી વળેલા પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં તેમણે સ્વીકાર્યુ હતુ કે આર.ટી.ઈ. એકટમાં પ્રવેશ પામેલા બાળકોના કેટલાક સ્થાનોમાં પ્રવેશને લઈ પ્રશ્નો જરૂર છે પણ તે બધા ઉકેલવા માટે સરકાર કામ કરી રહી છે. જો કે તેમણે આ મુદ્દે પણ વધુ બોલવાનો ઈન્કાર કરી અને ગાડીમાં બેસી જવાનું પસંદ કર્યુ હતુ.

### ટોલ ટેક્ષ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અનિ અખાડાના મહંતે અલ્હાબાદ જિલ્લામાં ગાડીઓ પર ટોલ ટેક્સ ન લગાવવાની માંગ કરી હતી. મહંતોએ માંગ કરી હતી કે આનાથી સાધુ સંતોને ૨૦૧૯માં કુંભ આવવામાં સરળતા રહેશે. આદિત્યનાથે તરત જ સંબંધિત વિભાગને આ સંબંધમાં સુચના જારી કરી હતી. જેના ભાગરૂપે ૧૫મી ડિસેમ્બર ૨૦૧૮થી ૧૫મી માર્ચ ૨૦૧૯ સુધી આગામી ત્રણ મહિના સુધી લો ટેક્સ હટાવવાનો મામલો એનએચએઆઇ સમક્ષ ઉઠાવવાની વાત કરવામાં આવી હતી. નરેન્દ્ર ગિરિ મહારાજે વર્ષ ૨૦૧૭માં કહ્યુ હતુ કે સંત સમુદાય ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને નહીં બલ્કે જે વાસ્તવમાં જે વિકાસ કરશે તેને મત આપશે. બેઠકમાં આશરે ૨ સંતોએ મુખ્યપ્રધાનને સુચન કર્યા હતા.

### ત્રાસવાદી ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા વર્ષે નવેમ્બરમાં જમ્મુ કાશ્મીરના જકુરામાં એક હુમલાની જવાબદારી ત્રાસવાદી સંગઠને સ્વીકારી હતી. રમજાન દરમિયાન યુદ્ધ વિરામની જાહેરાત કરાયા બાદ હિંસા વધી ગઈ હતી. ત્રાસવાદી હુમલા વધી ગયા હતા. પથ્થરબાજીની ઘટના વધી ગઈ હતી. લોકોના દેશભરમાં આક્રોશ બાદ આખરે સરકારે યુદ્ધવિરામની અવધિનો અંત લાવી દીધો છે. સાથે સાથે જમ્મુ કાશ્મીરમાં પીડીપી સાથે ગઠબંધન તોડી નાંખતા રાજ્યમાં રાજ્યપાલ શાસન લાગુ કરવામાં આવ્યુ છે. હવે કાર્યવાહી વધારે તીવ્ર કરવામાં આવી રહી છે. જમ્મુ કાશ્મીરમાં હાલ આશરે ૨૧૦ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. મોટાભાગના ત્રાસવાદીઓ દક્ષિણ કાશ્મીરમાં સક્રિય થયેલા છે. જો કે, આ ત્રાસવાદીઓ સેનાના નિશાના પર છે. ૨૧૦ આતંકવાદીઓના આ આંકડાને ઓછો માની ન શકાય પરંતુ એક સમયે આંકડો ૨૫૦ સુધી પહોંચી ગયો હતો. અત્યારે સક્રિય આતંકવાદીઓમાં ૬૫ ટકા સ્થાનિક આતંકવાદીઓ છે. તો ૩૫ ટકા વિદેશી આતંકવાદી છે. એટલે કે, પાકિસ્તાનથી આવેલા આતંકવાદી છે.

### પગલા જરૂરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. વાણિજ્ય મંત્રાલયની નવી ઓફિસ સંકુલ વિન્જય ભવનની આધારશીલા મુક્યા બાદ પોતાના સંબોધનમાં મોદીએ કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે ભારતમાં કારોબારની પ્રક્રિયાને સરળ બનાવવા માટે અનેક પગલા લીધા છે. સાથે સાથે ફુગાવા, ચાલુ ખાતાકીય ખાધ અને મર્યાદાની અંદર ફિસ્કલ ડેફિસિટ જેવા માઈક્રો આર્થિક પરિબળોને જાળવી રાખવા માટેના પણ પગલા લેવામાં આવ્યા છે. આ તમામ હકારાત્મક આર્થિક પરિબળોને ધ્યાનમાં લીધા બાદ કયા પગલા લેવાશે તેવી ચર્ચા વચ્ચે મોદીએ જીડીપી ગ્રોથને બે આંકડામાં લઈ જવાની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૧૭-૧૮માં નાણાંકીય વર્ષના છેલ્લા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથરેટ ૭.૭ ટકા રહ્યો હતો પરંતુ હવે ૭-૮ ટકાથી વધારે અને ટાર્ગેટને બે આંકડા સુધી લઈ જવાની યોજના છે. મોદીએ ઉમેર્યું હતું કે, આ સમયની જરૂરિયાત એ છે કે, બે આંકડાના ગ્રોથના સ્તર સુધી પહોંચવા માટે સાથે મળીને કામ કરવાની જરૂર છે.

### કરપીણ હત્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઘટના સ્થળે પહોંચેલી પોલીસ પણ વિદ્યાર્થીના મૃતદેહને જોઈને સ્તબ્ધ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વાલીઓ અને આસપાસમાં રહેતા લોકોના ટોળા સ્કૂલમાં એકત્ર થઈ ગયા હતા. પોલીસે ટોળાને વિખેરવા માટે હળવો લાઠીચાર્જ કરવાની પણ ફરજ પડી હતી અને સ્કૂલ તરફનો રસ્તો પણ બંધ કરાવી દીધો હતો. પોલીસે સમગ્ર મામલાની ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ ખૂબ જ ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી., જેમાં શ્રી ભારતી વિદ્યાલયની દિવાલ પાસે આવેલા મંદિરની છત પરથી સ્કૂલ બેગમાં મળી આવી હતી અને સ્કૂલ બેગમાંથી ચાકૂ ઉપરાંત બે પંચ અને બોટલમાંથી મરચાની ભૂકીવાળુ પાણી મળી આવ્યુ હતુ. શ્રી ભારતી વિદ્યાલયમાં ધો-૧૦માં ભણતા સંજય ચુનારા નામના વિદ્યાર્થીઓ જ હત્યા કરી હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યુ છે. પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે. મૃતક વિદ્યાર્થી દેવ તડવી વડોદરા ગાજરાવાડી વિસ્તરમાં રામનાથ મંદિર ઈદગાહ મંદિરની સામે તેના માસી હંસાબેન અશ્વિનભાઈ તડવીના ઘરે રહેતો હતો.

## વેરોક એન્જિનીયરિંગ લિમિટેડ : આઈપીઓ ૨૬મીએ ખુલશે

વેરોક એન્જિનીયરિંગ લિમિટેડ (''કંપની'')એ ૨૬ જૂન, ૨૦૧૮ના રોજ પ્રમોટર અને રોકાણકાર વિક્રેતા શેરધારકો (નીચે વ્યાખ્યાયિત કર્યા મુજબ) (''ઓફર'') દ્વારા વેચાણ માટે ઓફર (ઓએફએસ) મારફતે ૨૦,૨૨૧,૭૩૦ ઈક્વિટી શેરનો આઈપીઓ લાવવાની દરખાસ્ત રજૂ કરે છે. ઓફરમાં (૧) તરંગ જૈન (''પ્રમોટર વિક્રેતા શેરધારક'')ના ૧,૭૫૨.૫૬૦ ઈક્વિટી શેર, (૨) ઓમેગા ટીસી હોલ્ડિંગ્સ પીટીઈ લિમિટેડ (''રોકાણકાર વિક્રેતા શેરધારક'')નાં ૧૬,૯૧૭,૧૩૦ ઈક્વિટી શેર અને (૩) ટાટા કેપિટલ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ (''રોકાણકાર વિક્રેતા શેરધારક ૨'')ના ૧,૫૫૨,૦૨૦ ઈક્વિટી શેર સામેલ છે. ઓફરમાં ઓફર પ્રાઈઝ પર શેરદીઠ રૂ. ૪૮નાં ડિસ્કાઉન્ટ પર લાયક કર્મચારી (''એમ્બ્લોયી ડિસ્કાઉન્ટ'')ના સબસ્ક્રિપ્શન માટે ૧૦૦,૦૦૦ ઈક્વિટી શેરનું રિઝર્વેશન પણ સામેલ છે. કર્મચારીઓના રિઝર્વેશન સિવાયની ઓફરનો હિસ્સો ''ચોખ્ખી ઓફર'' છે અને આ પ્રકારની ચોખ્ખી ઓફર ૨૦,૧૨૧,૭૩૦ ઈક્વિટી શેર સામેલ છે. કંપનીની પોસ્ટ ઓફર પેઈડ અપ ઈક્વિટી શેર મૂડીમાં ઓફર અને ચોખ્ખી ઓફર અનુક્રમે ૧૫ ટકા અને ૧૪.૯ ટકા હિસ્સો ધરાવશે. બિડ/ઓફર ૨૮, જૂન, ૨૦૧૮ના રોજ બંધ થશે.